**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**

**( ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ )**

**હાઉસીંગ પ્લોટ નં ૧૨૧૩/એ, શોપીંગ સેન્ટર ની બાજુમાં**

**વઢવાણ ફોન નંબર :- ૨૪૩૨૬૦ ફેક્ષ નં :- ૨૪૩૯૦૨**

**નિગમની સુરેન્દ્રનગર રીજીયનની વસાહતોમાં ઉપલબ્ધ મિલક્તોની જાહેર હરાજી**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સુરેન્દ્રનગર રીજીયનમાં આવેલ વઢવાણ,થાનગઢ ઔદ્યોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ વાણિજ્ય/ઔદ્યોગિક પ્લોટ અને શેડ ,"જેમ છે તેમ અને જે સ્થિતિમાં તે સ્થિતિમાં" જાહેર હરાજીથી ફાળવવના હેઇ, સીલબંધ કવરમાં અરજીપત્રકો/ભાવપત્રકો મંગાવવામાં આવે છે.આ માટેના કોરા અરજીપત્રક રૂ.૧૦૦+૧૮% GST રોકડા ભર્યેથી પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી,હા.પ્લોટ નં.૧૨૧૩/એ, શોપિંગ સેન્ટરની બાજુમાં,બગીચા સામે,વઢવાણ ખાતેથી તા.૦૯/૦૯/૨૦૧૯ થી તા.૨૩/૦૯/૨૦૧૯ સુધીમાં રજાના દિવસો સિવાય બપોરનાં ૧૧.૦૦ થી સાંજના ૦૫.૦૦ (રીસેસ સિવાય) સમય દરમ્યાન મળી રહેશે. ભરેલા અરજીપત્રકો/ભાવપત્રકો લાખથી સીલબંધ કવરમાં જરૂરી દસ્તાવેજો સાથે " આર.પી.એડી." દ્વારા જ મોડામાં મોડા તા.૦૮/૧૦/૨૦૧૯ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાક સુધીમાં પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી સુરેન્દ્રનગર ખાતે મળી રહે તે રીતે મોકલવના રહેશે. અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫% પ્રમાણે ઇ.એમ.ડી. અને સ્કુટીની ફી વાણિજ્ય મિલકત, ઔદ્યોગિક પ્લોટ પેટે રૂ.૧૧૮૦/-નો ડી.ડી. તથા ઔદ્યોગિક શેડ પેટે રૂ.૨૩૬૦/-નો ડી.ડી.(જે પરત મળવાપાત્ર નથી) "જી.આઇ.ડી.સી. સુરેન્દ્રનગર" ના નામના અલગ અલગ એકાઉન્ટ પેઇથી જ ભરવાના રહેશે. અરજીપત્રક/ભાવપત્રક સાથે ઇ.એમ.ડીની રકમનો ડી.ડી. તથા સ્કુનીટી ફીનો ડીડી સામેલ ન રાખનારનું ટેંડર રદ્દબાતલ ગણાશે. એક અરજીપત્રક દ્વારા એક જ મિલકત માટે અરજી કરી શકાશે. ૨૫% બાનાની રકમ ટેન્ડરમાં ભરેલ રકમ પ્રમાણે ભરેલ ન હશે તો તેવા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર ઓપન થયેથી જે તે મિલકતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલ હશે તે કિંમતને ન્યુનત્તમ /તળીયેની કિંમત ગણતરીમાં લઇ અરજદારો દ્વારા માંહોમાંહેની બોલી બોલાવી જે સૌથી વધારે ભાવ બોલનારની આખરી બોલી ગણી નિગમની વડી કચેરીએથી જરૂરી મંજુરી મેળવ્યા બાદ મિલકતની ફાળવણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપલબ્ધ દર્શાવેલી મિલકતોની જાહેર હરાજી તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે નીચે દર્શાવેલ સરનામે રાખવામાં આવશે. હરાજીનાં દિવસે અરજદારોએ જ અચુક હાજર રહેવાનુ રહેશે. પછીથી કોઇ વાદવિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

<u>મળેલ ભાવપત્રક ખોલવાનુ અને જાહેર હરાજીનું સ્થળ:</u> પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી,હા.પ્લોટ નં.૧૨૧૩/એ, શોપિંગ સેન્ટરની બાજુમાં,બગીચા સામે,વઢવાણ. ઉપર જણાવેલ મિલકતોની વિગતો શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઇટ (www.gidc.gov.in)પર મુકવામાં આવેલી છે. અનિવાર્ય સંજોગોમાં આમાં ફેરફાર કરી શકાશે. ભરેલા મળેલા અરજીપત્રકો પૈકી કોઇપણ એક કે તમામ અરજીપત્રકો સ્વીકરવા કે કેમ? તે અંગેનો નિગમનો અધિકાર અબાધિત રહેશે.

| ક્રમ નં | વસાહત નું નામ | મિલકતનો પ્રકાર | પ્લોટ નં. | વિસ્તાર (ચો.મી) | પ્લોટની રીઝર્વ કિંમત (રૂ./-) | બાનાની રકમ (રૂ.) (૨૫%) તળીયાની કિંમત પ્રમાણે |
|---|---|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ઔદ્યોગિક પ્લોટ | ૧૦૧/૧૦/એ | ૨૬૬૬.૩૫ | ૧,૫૯,૯૮,૧૦૦/- | ૩૯,૯૯,૫૨૫/- |
| ૨ | વઢવાણ | ઔદ્યોગિક પ્લોટ | ૨૪૮/૧ | ૬૬૧.૧૦ | ૫૭,૬૬,૬૦૦/- | ૧૪,૪૧,૬૫૦/-(દબાણ સહીત) |
| ૩ | વઢવાણ | ઔદ્યોગિક પ્લોટ | ૨૪૮/૨ | ૬૩૭.૦૦ | ૩૮,૨૨,૦૦૦/- | ૯,૫૫,૫૦૦/-(દબાણ સહીત) |
| ૪ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૬ | ૩૦૫.૮૩ | ૨૫,૩૮,૩૮૯/- | ૬,૩૪,૫૯૭.૨૫/- |
| ૫ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૭ | ૩૦૪.૩૦ | ૨૫,૨૫,૬૯૦/- | ૬,૩૧,૪૨૨.૫/- |
| ૬ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૮ | ૩૦૨.૦૦ | ૨૫,૦૬,૬૦૦/- | ૬,૨૬,૬૫૦/- |
| ૭ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૧૬ | ૩૦૬.૬૦ | ૨૫,૪૪,૭૮૦/- | ૬,૩૬,૧૯૫/- |
| ૮ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૧૭ | ૩૦૬.૬૦ | ૨૫,૪૪,૭૮૦/- | ૬,૩૬,૧૯૫/- |
| ૯ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૧૮ | ૩૦૬.૬૦ | ૨૫,૪૪,૭૮૦/- | ૬,૩૬,૧૯૫/- |
| ૧૦ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૧૯ | ૪૧૦.૮૪ | ૩૪,૦૯,૯૭૨/- | ૮,૫૨,૪૯૩/- |
| ૧૧ | વઢવાણ | વાણિજ્ય પ્લોટ | ૧૫૦૮/૨૦ | ૪૧૦.૮૪ | ૩૪,૦૯,૯૭૨/- | ૮,૫૨,૪૯૩/- |
| ૧૨ | વઢવાણ | કેન્ટીન | ૨૭ | ૩૪૯.૬૪ | ૨૯,૦૨,૦૧૨/- | ૭,૨૫,૫૦૩/- |
| ૧૩ | થાનગઢ | વાણિજ્ય પ્લોટ | ૩/૩ | ૨૨૮ | ૬,૮૪,૦૦૦/- | ૧,૭૧,૦૦૦/- |
| ૧૪ | થાનગઢ | વાણિજ્ય પ્લોટ | ૪/૧ | ૨૨૮ | ૬,૮૪,૦૦૦/- | ૧,૭૧,૦૦૦/- |
| ૧૫ | થાનગઢ | વાણિજ્ય પ્લોટ | ૫/૪ | ૨૨૮ | ૬,૮૪,૦૦૦/- | ૧,૭૧,૦૦૦/- |

એક વખત ટેન્ડર/બીડ ખુલી ગયા પછી કોઈપણ સંજોગોમાં પરત ખેંચી શકશે નહી. જેથી એકવાર ટેન્ડર ખુલી ગયા બાદ જો કોઈ અરજદાર ટેન્ડર પરત ખેંચવાની રજુઆત કરશે અથવા ઓફર–કમ–એલોટમેન્ડ લેટર સ્વીકારવાની ના પાડશે તો તે અરજદારની ૨૫% બાનાની રકમ કે જે ટેન્ડર સાથે ભરપાઈ થયેલ હશે તે નિગમધ્વારા જપ્ત કરવામાં આવશે. જેની અવશ્ય નોંધ લેવાની રહેશે અને તે બાબતે કોઈપણ પ્રકારની તકરાર/વાંધો ઉઠાવી શકાશે નહી. હરાજીમાં મુકવામાં આવેલ જે તે મિલ્કતો પર જીઆઈડીસી તથા અન્ય સંસ્થાઓ જેવી કે પી.જી.વી.સી.એલ. સ્થાનિક નગરપાલિકા, મહાનગરપાલિકા કે શહેરી વિસ્તાર સત્તામંડળ, નોટીફાઈડ એરિયા, કેન્દ્ર સરકારની સંસ્થાઓ, પાણી વગરે કોઈ પણ જાતના બાકી નીકળતા લેણા ભરવાની સંપુર્ણ જવાબદારી જે તે અરજદારની રહેશે અને તે સબંધીત સંપુર્ણ જવાબદારી હરાજીમાં પસંદ થયેલ ફાળવણીદારની રહેશે. સંપુર્ણ વિગત સાથે મળેલ ભાવપત્રકો પૈકી કોઈપણ એક કે તમામ સ્વીકારવા કે ન સ્વીકારવા તે અંગેનો નિગમને અબાધીતઅધિકાર રહેશે.

સંપર્ક અધિકારી:- પ્રાદેશિક મેનેજર

ફોન નંબર :- ૦૨૭૫૨-૨૪૩૨૬૦ -૨૪૩૯૦૨

સહી/-

પ્રાદેશિક મેનેજર

જી.આઈ.ડી.સી,સુરેન્દ્રનગર